# મોડાસામાં સીનીયર સીટીઝન મેરેથોન દોડ યોજાઈ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા રમત-ગમત મંડળ દ્વારા અને લાયન્સ કલબ ઓફ મોડાસા અને પ્રાર્થના વિદ્યાલયના સહયોગથી મુખ્યમથક મોડાસા શહેરમાં રવિવારે સવારે ૮ કલાકે ૩ કિ.મી. મેરેથોન દોડ સીનીયર સીટીઝનો માટે યોજાઈ હતી. જેમાં ૨૫૦થી વધુ સીનીયર સીટીઝન મેરેથોન દોડ સ્પર્ધકોમાં મહિલાઓ પણ જોડાઈ હતી. મેરેથોન દોડનું પ્રસ્થાન ધી સાબરકાંઠા મધ્યસ્થ સહકારી બેંક લી.ના ચેરમેન મહેશભાઈ પટેલ અને સીનીયર સીટીઝન સ્પર્ધામાં ૬૦ થી ૬૫ વર્ષના સીનીયર સીટીઝન, ૬૫ થી ૭૦ વર્ષ અને ૭૦ વર્ષથી વધુના સીનીયર સીટીઝન ત્રણ અલગ અલગ સ્પર્ધા યોજવામાં આવી હતી. ત્રણેય સ્પર્ધામાં વિજેતા સીનીયર સીટીઝન મેરેથોન સ્પર્ધકોને પ્રજાસત્તાક દિને ઉજવણી સમારોહમાં સન્માનવામાં આવશે. સીનીયર સીટીઝન મેરેથોન સ્પર્ધાના દરેક સ્પર્ધકોને ટોપી-ટી શર્ટ કાર્યક્રમના આયોજકો દ્વારા આપવામાં આવ્યા હતા. સીનીયર સીટીઝનોને મેરેથોન દોડમાં શારીરીક તકલીફ થાય







જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરના હસ્તે કરવામાં આવ્યુ હતુ. ૭૦ વર્ષથી વધુ સીનીયર સીટીઝન દોડમાં સર્વોદય હાઈસ્કૂલના ભૂ.પૂ. શિક્ષક એસ.એન. વણકર વિજેતા બન્યા હતા.

મોડાસા શહેર ચાર રસ્તા પર ૨૨ જાન્યુઆરી રવિવારે સવારે ૮ કલાકે જિલ્લા વહીવટી તંત્ર અને અરવલ્લી જિલ્લા રમતગમત મંડળ (સુચિત) અને સાબરકાંઠા જિલ્લા રમત ગમત મંડળ અને સાબરકાંઠા મધ્યસ્થ સહકારી બેંક લી, પ્રાર્થના વિદ્યાલય અને લાયન્સ કલબ ઓફ મોડાસાના સહયોગથી યોજાયેલી મેરેથોન સ્પર્ધામાં ૨૫૦થી વધુ સીનીયર સીટીઝન સ્પર્ધકો ઉમટી પડ્યા હતા. તો આયોજકોએ ઈમરજન્સી એમ્બ્યુલન્સવાન અને તબીબો ખડેપગે રખાયા હતા. આ દોડમાં ધી સાબરકાંઠા મધ્યસ્થી સહકારી બેંક લી.ના ચેરમેન મહેશભાઈ પટેલ, જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોર, અધિક્ષક કલેક્ટર શામળાભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ, પ્રાર્થના વિદ્યાલયના કનુભાઈ આર. પટેલ, સામાજીક કાર્યકર કમલેશભાઈ પટેલ, લાયન્સ કલબ ઓફ મોડાસાના પ્રમુખ મનુભાઈ પટેલ, ગીરીશ પટેલ, જય અમીન, લાયોનેસ પ્રમુખ અન્નપૂર્ણાબેન, દિપ્તીબેન સહિતના અગ્રણીઓ જોડાઈને સ્પર્ધકોને પ્રોત્સાહીત કર્યા હતા.

# ધાનેરાના વિકાસ કામો અટવાયા

ધાનેરા, તા. ૨૨

ભુગર્ભ ગટર યોજનાનું કામ ચાલુ હોવાથી ધાનેરામાં વિકાસના કામો જેવા કે રોડ, પાણીની પાઈપો વગેરે અટકી ગયેલ છે અને વિકાસના કામોમાં ખુબ જ અવરોધ પડતા શહેરનો વિકાસ ૧૦ વર્ષ પાછળ ઠેલાયેલ છે. ધાનેરાના રહીશોએ ભુગર્ભ ગટરની તકલીફો માટે જે તે અધિકારીઓને તેમજ રાજકીય લેવલે રજુઆત કરેલ હોવા છતાં કોઈ ધ્યાન અપાતુ નથી. પ્રજાને ખબર પડી ગઈ છે કે રાજકીય કાવાદાવા અને અધિકારીઓની મીલીભગતથી કરોડો રૂપિયા ધુળમાં જતા જોવા મળી રહ્યા છે. આ બાબતે સુપર કન્સ્ટ્રક્શન કંપનીને રજુઆત કરેલ પણ તેઓ કોઈ જવાબ આપવા તૈયાર નથી તેમજ નગરપાલિકાએ કલેક્ટરને જાણ કરેલ તો ત્યાંથી પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને નગરપાલિકાને જણાવેલ છે કે ભુગર્ભના કામમાં નગરપાલિકાનો કોઈપણ મજુરને આ કામમાં ગટરમાં ઉતારવો નહી. આવુ લેખિત આપવામાં આવેલ છે. તો પછી પરેશાન થતી પ્રજાએ શું કરવું ? આ બાબતથી ચોક્કસ જણાઈ આવે છે કે કંપનીના ટેન્ડરોમાં પાણી પુરવઠા અધિકારીઓ તેમજ રાજકારણી કાવાદાવાની મિલીભગત જોવા મળી રહી છે. જો ટુંક સમયમાં આ કામગીરી ચાલુ કરવામાં નહી આવે તો અથવા કંપની ટેન્ડર લેનાર કંપની પર કોઈ કાનુની કાર્યવાહી નહીં કરવામાં આવે તો પ્રજા મનથી સમજી લેશે કે ભાજપ સરકારની પણ મીલીભગત હોય તો તેનો જવાબ કદાચ ૨૦૧૭ની ચૂંટણીમાં સહન કરવાનો વારો આવે તેવુ લાગી રહ્યું છે.

આ બાબતે તાકીદે પાણી



પુરવઠા અધિકારી તેમજ રાજકીય જે તે ખાતાના મંત્રીઓ ધ્યાન ધરે અને આંખે બાંધેલ પાટા ખોલીને કાયદેસરની કાર્યવાહી કરે તેવું ધાનેરાની પ્રજા ઈચ્છી રહી છે.

# શિહોરી-દિયોદર માર્ગ પર પીકઅપ વાન-બાઈક ટકરાતાં અકસ્માત

પ્રાપ્ત વિગતો અનુસાર શિહોરી-દિયોદર રોડ ઉપર રાત્રે ૭.૩૦ વાગ્યા આસપાસ પીકઅપ ડાલા નં. જીજે.૨.એક્ષ.૨૭૮૪ તથા ડિસ્કવર બાઈક નં. જીજે.૯.એએસ.૨૪૬૩ સામ સામે ટકરાતા બાઈકચાલક અને પાછળ બેઠેલ વ્યક્તિને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જો કે બાઈકના ફૂરચા બોલી જવા પામ્યા હતા અને ધડાકા સાથે ટકરાતાં સ્થાનિક લોકોની મદદથી શિહોરી ૧૦૮ને ફોન કરતા તાત્કાલિક શિહોરી રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. ઈજાગ્રસ્ત ઠાકોર મનુજી છત્રાજી ઉં.વ. ૨૨ રે. વડનગર, ઠાકોર ભગાજી હલાજી ઉં. વ. ૩૫ રે. કુંવારવા, તા. કાંકરેજને પગના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી.



# પતંગ લેવા જતાં વીજ કરંટ લાગતાં બે બાળકોના મોત

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લાના સુપ્રસિધ્ધ શકિતપીઠ બેચરાજી ખાતે બાબરી અંગે ચૌધરી સમાજની વાડીમાં ઉતેરલા સમાજના બે બાળકોને પતંગ લેતી વખતે વીજ કરંટ લાગતા બંને બાળકોના કરૂણ મોત નિપજયા હતા. વિગત એવી છે કે આજે મહેસાણા તાલુકાના ગામેથી ચૌધરી સમાજના કેટલાક પરિવારજનો બાબરી ઉતારવા માટે શકિતપીઠ બેચરાજી ગયા હતા. આ બધા સ્થાનિક ચૌધરી સમાજની વાડીમાં રોકાયા હતા ત્યારે બે બાળકો થાંભલા પરથી પતંગ ઉતારવા જતા તેઓને વીજ કરંટ લાગતા બંને બાળકોના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયા હતા. આ કરૂણ દુર્ઘટનાને લીધે બાબરી ઉતરાવવા માટે ગયેલ પરિવારજનો, સગાવ્હાલાઓમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

મૃતક બંને બાળકો મહેસાણા તાલુકાના ખારા લક્ષ્મીપુરા ગામના હોવાનું જાણવા મળલે છે.

# શામળાજી પાસે ૧.૩૦ લાખનો વિદેશી દારૂ પકડાયો : કારચાલક ફરાર

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં શામળાજી ગામની સીમમાંથી હાઈવે પરથી પસાર થઈ રહેલી એક કારમાં ભરેલ રૂ. ૧.૩૦ લાખનો વિદેશી દારૂ પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે આ આરોપી કારનો ચાલક કાર મુકી નાસી છુટતા પોલીસે તેને ઝડપી લેવા વધુ તપાસ હાથ ધરી છે.

શામળાજી પોલીસમથકના આ.પો.કો. મગનભાઈ જવાભાઈએ પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદ મુજબ શામળાજી ગામની સીમમાંથી પસાર થઈ રહેલી નંબર પ્લેટ વગરની કારને તલાશી અર્થે રોકી હતી. પોલીસને જોઈ આરોપી કારચાલક ઘટનાસ્થળે જ પોતાના કબજાની કાર મુકી નાસી છૂટ્યો હતો.

પોલીસે આ કારમાંથી તલાશી લેતા તેમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં ભારતીય બનાવટના દારૂ તથા બીયરની કાચની ૩૪૪ બોટલો તથા ટીન કિંમત રૂ. ૧.૩૦ લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વિદેશી દારૂનો જથ્થો અને કાર મળી રૂ. ૮.૩૦ લાખનો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.



# શામળાજીના સામેરા પ્રાથમિક શાળામાં તસ્કરો ત્રાટકયા

## શાળાની અંદર મુકેલી એલસીડી ટીવી તથા બહાર મુકેલ બાઈકની ચોરી

મોડાસા, તા. ૨૨

શામળાજી પાસેના મોટા સામેરાની પ્રાથમિક શાળામાં તસ્કરોએ રાત્રિના સમયે ચોરીને અંજામ આપી શાળામાં મુકેલ એલસીડી ટીવી અને બાઈક ચોરી કરી પલાયન થઈ ગયાની પોલીસ ફરિયાદ શામળાજી પોલીસ મથકે નોંધાતા પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

શિયાળાની મોસમમાં પડી રહેલ ઠંડીનો લાભ લઈ તસ્કરોએ જિલ્લામાં તરખાટ મચાવી દીધો છે. હવે જિલ્લાની પ્રાથમિક શાળાઓને નિશાન બનાવી હોય તેમ શામળાજી નજીક મોટા સામેરાની પ્રાથમિક શાળામાં ચોરીને અંજામ આપ્યો હતો.

જેમાં ગત શુક્રવારની રાત્રિએ તસ્કરોએ શાળાની ઓફિસનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી રૂમમાં મુકેલ એલસીડી ટીવી અને બહાર મુકેલ મુકેશભાઈ લાલજીભાઈ કટારાના બાઈકની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. રૂ. ૨૦ જેટલી મત્તાની ચોરી શાળામાં થવા પામી છે તેની જાણ શાળા સંચાલકોને થતા આ અંગે શામળાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરોનું પગેરૂ શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

# હિંમતનગરમાં નવમો સર્વધર્મ સર્વજ્ઞાતિ સમૂહલગ્નોત્સવ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના વિદ્વાનગરી કેમ્પસમાં રવિવારે નવમો સર્વધર્મ સર્વજ્ઞાતિ સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૧૮ જોડાએ પ્રભુતામાં પગલા પાડ્યા. આ લગ્નોત્સવમાં જીલ્લા સાંસદ દીપસિંહ રાઠોડે, હિંમતનગર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, લાયોનેસ ચેર પર્સન લાયન ગીતાબેન ભાવસાર, લાયોનેસ પ્રમુખ કાજલ પી. દોશી ઉપસ્થિત સહીત કલબના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે લાયોનેસ ક્લબના પ્રમુખ કાજલ પી. દોશીએ જણાવેલ કે રવિવારે લાયન્સ ક્લબ ઓફ હિંમતનગર ડિવાઈન, લીઓ ક્લબ ઓફ હિંમતનગર ડિવાઈન દ્વારા નવમો સર્વધર્મ સર્વજ્ઞાતિ સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૧૮ નવ દંપતી એક માંડવા નીચે લગ્નગ્રંથીથી જોડાયા હતા ૧૮ નવ દંપતીને દાતાઓ દ્વારા આવેલ દાન દ્વારા ઘરવખરીનો સામાન, સોનાના ઘરેણા, પલંગ સહીતનું ક્લબ દ્વારા દાન આપવામાં આવ્યું હતું. આજે સવારે ગણેશ સ્થાપન સાથે લગ્ન શરુ થયા હતા અને બપોરે કન્યા વિદાય સાથે લગ્નોત્સવ પૂર્ણ થયો હતો. આ લગ્નોત્સવનો હેતુ એક માત્ર કે દરેક ધર્મના લોકો દાતાઓના દાનથી એક માંડવા નીચે લગ્નગ્રંથીથી જોડાય તેવો છે. આ અંગે કાજલ દોશીએ જણાવેલ કે દરેક જોડાને ૪૦ હજારનો સામાન એટલે કે કુલ ૧૮ નવ દંપતીને ૭.૨૦ લાખનો સામાન આપ્યો હતો. ઉપરાંત આ સમૂહલગ્નોત્સવમાં લગ્ન કરનારાના ઘરે શૌચાલયની પણ તપાસ કરવામાં આવી હતી તો તમામને સ્વચ્છતા રાખે અને રખાવે અને બેટી બચાવોની શપથ પણ લેવડાવી હતી.




# પોળો ખાતે આંતરરાષ્ટ્રીય સાયકલ સ્પર્ધા યોજાઈ



હિંમતનગર, તા. ૨૨

ગુજરાત પ્રવાસન વિભાગ અને સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે વિજયનગરના પોળો ખાતે રવિવારે આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીયકક્ષાની સાયકલ રેસ સ્પર્ધા યોજાઈ હતી.સાયકલ રેસ સ્પર્ધાને વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતું.

આ સ્પર્ધાના સાયકલિસ્ટોને પ્રોત્સાહન આપતા અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લાના પોળોમાં ઐતિહાસિક અને ભવ્ય વારસો આવેલો છે,સાથો સાથ વનોની વિરાસત પણ અસ્તિત્વમાં છે તો આ પ્રકૃતિનો લોકો લ્હાવો લઈ શકે તેવા ઉમદા અભિગમથી જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા પોળો ખાતે રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય સાયકલ સ્પર્ધા યોજીને ઈકો ટુરીઝમ તરીકે વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પોળોને ગુજરાતભરમાં નામ ગુંજતુ થતા અહિ દેશ-વિદેશના પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જેનાથી સ્થાનિક આદિવાસી પ્રજાની રોજગારીમાં વધારો થયો છે તથા આર્થિક રીતે ઉન્નત બન્યા છે. ૨૦ કિ.મી.ની સાયકલ કાર્નિવલમાં જિલ્લાકક્ષાના અધિકારીઓ જોડાયા હતા જયારે ૧૧૫ કિ.મી રાષ્ટ્રીયકક્ષાની રોડ બાઈકિંગમાં ૧૩૫થી વધુ સાયકલિસ્ટો રેસમાં ભાગ લીધો હતો. જયારે ૧૫૧ કિ.મી આંતરરાષ્ટ્રીય માઉન્ટેન ટેરેન બાઈકિંગ MTB રેસમાં ૩૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.જેમાં સાઉથ આફ્રિકા, ફ્રાન્સ અને સ્વીડનના સાયકલિસ્ટનો સમાવેશ થાય છે.સાયકલ રેસમાં જિલ્લા પ્રભારી સચિવ જયંતિ રવિ, કલેકટર પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ,મામલતદાર સહીત અન્ય અધિકારીઓ અને કડીયાદરાથી પોળો સુધીના માર્ગ પર કતાર બંધ ઉભા રહીને સાયકલ રેસના સાહસિકોને વધાવીને પ્રોત્સાહન પુરૂ પાડયુ હતુ અને ગામે ગામ આ રેસને નિહાળવા કુતૂહલપૂર્વક ગ્રામજનો ઉમટી પડયા હતા.

# પાલનપુરમાં આંગણવાડી કાર્યકરોની સભા યોજાઈ

પાલનપુર, તા. ૨૨

ફિક્સ પગારદારોના પગાર વધારા ના સરકારના નિર્ણય બાદ બનાસકાંઠાની આંગણવાડી કાર્યકરો પણ સરકાર સામે મેદાને પડી છે. વર્ષો થી આંગણવાડી કાર્યકર તરીકે ફરજ બજાવતા આંગણવાડી કાર્યકરો એ પગાર વધારો અને કાયમી કરવાની માંગ સાથે પાલનપુર મા એક સભા કરી સરકાર સામે ભારે રોષ ઠાલવ્યો હતો.

બનાસકાંઠા ની આંગણવાડી કાર્યકરો પગાર વધારા અને કાયમી કરવાની માંગ સાથે આજે પાલનપુર મા જિલ્લા ની ૩૦૦ જેટલી કાર્યકર બહેનો એ એક સભા યોજી હતી. અને આગામી ૧ ફેબ્રુઆરી સુધી કાર્યકરો ની માગણી ઓ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલન અને આંગણવાડી બંધ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.જો કે વર્ષો થી આંગણવાડી મા ફરજ બજાવનાર કાર્યકરો સરકારી નીતિ સામે ખફા છે .આંગણવાડી ને લગતી કામગીરી સિવાય બીજી પણ કામગીરી ના ભારણ વચ્ચે સરકાર દ્વારા આંગણવાડી કાર્યકરોને અન્યાય થયો છે.ફિક્સ પગારદારો ના અલ્ટીમેટમ સામે સરકારે નમતું જોખી પગાર વધારા અને કાયમી કરવાની નીતિ સામે આંગણવાડી કાર્યકરો પગાર વધારા ની અને કાયમી કરવાની માગણી સાથે ઉચ્ચસ્તરીય રજુઆત કરવાના મૂડ મા છે. અને જો માગણી ન સંતોષાય તો ઉગ્ર આંદોલન અને આંગણવાડી ના કામકાજ થી અળગા રહી આંગણવાડી બંધ કરવાની ચીમકી મા કાર્યકરો નો સરકારી નીતિ સામે રોષ સ્પષ્ટ દેખાતો હોવાનું પ્રમુખ ચંપાબેન પરમારે જણાવ્યું હતું.

૧૮ વર્ષ થી ફરજ બજાવતા આંગણવાડી કાર્યકરોને વય મર્યાદાનો મોટો પ્રશ્ન છે જયારે જયારે પગારવધારો અંને કાયમી કરવાની વર્ષો જૂની માગણી પડતર છે ત્યારે આધાર કાર્ડ-મમતા દિવસ સહિત ની અનેક કામગીરી કરવા છતાં આંગણ વાડી કાર્યકરો નું સ્વમાન સચવાતું નથી.ઘરવાળા ઓ ને નારાજ કરી ફરજ પર જતાં કાર્યકરી આંગણવાડી સિવાય સરકાર ની અનેક કામગીરી ઓ મા ફરજ બજાવે છે ત્યારે ફિક્સ પગાર દારી ઓ ની તુલનાએ અન્યાય ના અહેસાસ સાથે આત્મહત્યા જેવા વિચારો કરવા મજબુર બનેલ આંગણવાડી કાર્યકરો પોતાનો પગાર વધારો અને કાયમી કરવાની માંગ સાથે સરકાર ની નીતિ સામે આક્રોશ ઠાલવી અને ઉગ્ર રજુઆત બાદ પણ કાર્યકરો ના મામલા નો હલ ના આવે તો આંગણવાડી બંધ અને ઉગ્ર આંદોલન તરફ આ મામલે કાર્યકરો સજ્જ હોવાનું હેતલબેન પટેલ અને આરુણાબેનએ જણાવ્યું હતું. ત્યારે ફિક્સ પગારદારો સામે ફિક્સમાં મુકાયેલી રાજ્ય સરકાર હવે આંગણવાડી કાર્યકરોની માંગણી પરત્વે કેવો રૂખ અપનાવે છે તેતો સમય જ બતાવશે.

# ડીસાના ઝેરડા નજીક ટ્રક અને ટ્રેઈલર ટકરાતા બેના મોત

પાલનપુર, તા. ૨૨

ડીસા તાલુકાના ઝેરડા ગામ નજીકના ગોગા ડેરીના પાટીયા નજીક મધરાતે પુરઝડપે દોડતી ટ્રક અને ટ્રેઈલર આમને-સામને ધડાકાભેર ટકરાતા સર્જાયેલ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ટ્રેઈલરના ડ્રાયવર અને કલીનરનું મોત નિપજયું હતુ.

બનાસકાંઠા જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી થઈ રહી છે પરંતુ બેફામ ઝડપે દોડતા વાહનોના કારણે માર્ગ અકસ્માતોનો સિલસિલો રોજીંદો થઈ પડયો છે ત્યારે વધુ એક સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતની મળતી વિગતો મુજબ ગત શુક્રવારની મધરાતે ડીસાથી મકાઈ ભરીને રાજસ્થાન તરફ જતી ટ્રક (નં.આરજે ૦૪ જીબી ૨૭૪૬) અને રાજસ્થાનથી પથ્થરનો સફેદ પાઉડર ભરીને કંડલા તરફ જતા ટ્રેઈલર (નં.આરજે ૧૪ જીઈ ૧૨૬૮) વચ્ચે ગોગા ડેરીના પાટીયે ધડાકાભેર ટક્કર થઈ હતી. જેમાં ટ્રેઈલરમાં સવાર પરપ્રાંતિય ડ્રાયવર અને કલીનરનું ઘટના સ્થળે મોત નિપજયું હતુ. અકસ્માતની જાણ થતા ડીસાના સેવાભાવી મનુભાઈ આસનાની વાહન લઈને ઘટના સ્થળે દોડી ગયા હતા અને બંને મૃતકોના મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ અર્થે ડીસા સિવિલ લાવ્યા હતા. બાદમાં દોડી આવેલી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

